# પહાડ પરનું ભાષણ

**પાઠ ૬** **માત્થી ૭:૧-૨૭**

## આમંત્રણ



**વસ્તુલક્ષી :** પ્રભુ ઈસુ ખ્રિસ્તનું શિક્ષણ અમલમાં મૂકવું અને સાચા શિષ્યો અને અવિશ્વાસુ વચ્ચેનો ભેદ સમજવો.



પ્રભુ ઈસુ ખ્રિસ્તે તેમના શિષ્યોને શીખવ્યું કે પોતાની અંદર દષ્ટિપાત કરો અને જાણો કે તેઓ જગતને જે પ્રકાશ અને મીઠાની જરૂર છે તે તેઓમાંથી પ્રાપ્ત થાય. તેમણે એ પણ શીખવ્યું કે તમારી આજુબાજુ પણ દષ્ટિપાત કરો, જે ઉત્તમ વલણો છે તે તેમના સંબંધોમાં લાવે, અને ત્યારપછી ઉપર તરફ પણ દષ્ટિ કરો અને ઈશ્વરપિતા પાસેથી આત્મિક શિસ્ત અને મૂલ્યો પામો જે સતત તેઓની ફળદાયી શિષ્ય બનવા માટેની જરૂરીયાત છે.

*ગિરીપ્રવચનના છેલ્લા ભાગમાં પડકાર છે કે "તમે જાણો છો તેના વિશે શું કરવા જઈ રહ્યા છો ?" ઈસુ ખ્રિસ્ત હમેશાં વ્યવહારીક વલણ પર ખૂબજ ભાર મુકે છે. જે કંઈ શિષ્ય કરે છે તે શું ખરેખર માને છે ? તો ૭ મા અધ્યાયની શરૂઆતથી તે તેમના ભાષણને તેઓના જીવનમાં ખરેખર અનુસરવા આગ્રહભરી વિનંતી કરે છે. તમે કોઈને દોષિત ન ઠરાવો, એ માટે કે તમને કોઈ દોષિત ન ઠરાવે. કેમ કે જેમ તમે બીજાને દોષિત ઠરાવશો. તેમ તેઓ તમને પણ દોષિત ઠરાવશે, અને જે માપથી તમે માપી આપો છો તેથી જ તમને માપી અપાશે. તું તારી આંખમાનો ભારોટીયો ધ્યાનમાં ન લાવતાં તારા ભાઈની આંખમાનું તણખલું શા માટે જુએ છે ? અથવા તો તારા ભાઈને કેમ કહેશે કે તારી આંખમાંથી તણખલું મને કાઢવા દે. પણ જો તારી પોતાની જ આંખમાં તો ભારોટીયો છે, ઓ ઢોંગી, પહેલાં તું પોતાની જ આંખમાંથી તણખલું કાઢવાને તને સારી પેઠે સૂઝશે. જે પવિત્ર છે તે કુરાઓની આગળ ન નાખો, ને તમારા મોતી ભૂંડોની આગળ ન ફેંકો. રખેને તે પોતાના પગ તળે છૂંદે, ને તમને ફાડી નાંખે.* *માત્થી ૭:૧-૬*

પ્રભુ ઈસુના શિષ્યો કદી પણ નિંદાપાત્ર હોવા જોઈએ નહીં. આપણી માનસિકવૃત્તિ મુજબ આપણે પોતાના જીવનના પ્રશ્નો કરતાં અન્યોના પ્રશ્નો તરફ વધારે ધ્યાન રાખીએ છીએ. પ્રભુ ઈસુ બે ગંભીર પ્રશ્નો પૂછે છે. "તમે શા માટે આ કરો છો ?" ને "તમે સફળ કેવી રીતે રહેશો ?" આ શિક્ષણની તરસ તેનું ફળ પામવા માટે અમલમા મૂકવા જણાવે છે - મોટા પ્રશ્નો - તમારી દૃષ્ટિમાંથી બહાર નજર કરો જેથી બોલવા માટે બીજાની સહાય પામી શકશો - નાના પ્રશ્નો - બીજાની દૃષ્ટિથી બહાર પ્રભુ ઈસુના શિષ્યોએ બીજી અન્ય વ્યક્તિની સામે તેમના પ્રશ્નો લઈ જતાં પહેલાં પોતે તેનો ઉકેલ કરવા પ્રયત્ન કરવો જોઈએ.

૧. માત્થી ૭:૨ માં પ્રભુ ઈસુ કહે છે કે જે.......... થી તમે માપી આપશો તેથી તમને માપી અપાશે.

૨. ખરું કે ખોટું : પ્રભુ ઈસુ ખ્રિસ્તે સાચું જ કહ્યું છે કે આપણે બીજાઓને દોષિત



ઠરાવવા જોઈએ નહીં.

૩. ખરું કે ખોટું : પ્રભુ ઈસુએ સાચું કહ્યું છે કે આપણે (પહેલા મારાં) વ્યક્તિગત પ્રશ્નોને પ્રથમ ઉકેલવા જોઈએ.

સાચા જવાબ માટે વર્તુળ કરી દર્શાવો.

૪. પ્રભુ ઈસુ ઘણા લોકો માટે જણાવે છે કે પોતાના પ્રશ્નો ધ્યાનમાં ન લેતાં બીજાના પ્રશ્નો વિશે ન્યાય કરે છે.

અ. તેઓ એવું સમજે છે કે તેઓ જે કંઈ કરે છે તે સ્વાભાવિક છે.

બ. તેઓ ઢોંગીઓ છે.

ક. તેઓ સાચી રીતે નિયમને સમજે છે.

ડ. તેઓ બીજાઓના ન્યાય કરવા ખૂબજ સક્ષમ બની ગયા છે.

૫. પ્રભુ ઈસુ આપણને કહે છે કે તમારા મોતી ભૂંડોની આગળ ન ફેંકો તેનો સાચો અર્થ તે આ પ્રમાણે કરે છે.

અ. પાપીઓ સાથે સુવાર્તાનો પ્રચાર કરતા સમયનો દુરુપયોગ કરવા જેવું છે.

બ. ઘણા લોકો બચવા યોગ્યતા નથી ધરાવતા.

ક. ધન્યતાઓને એ પવિત્ર રહસ્ય છે. તેને બીજાઓ આગળ ખુલ્લાં પાડી દેવા જોઈએ નહીં.

ડ. જ્યારે આપણે વિરોધીઓ અને અરુચી રાખનારા સાથે સુવાર્તા વિશે વાત કરીએ ત્યારે તેઓને પારખી લેવા જોઈએ.

*"માંગો, તો તમને અપાશે; શોધો, તો તમને જડશે, ઠોકો તો તમારે સારું ઉઘાડાશે. કેમ કે જે હરેક માંગે છે તે પામે છે. ને શોધે છે તેને જડે છે. ને જે ઠોકે છે તેને સારું ઉઘાડવામાં આવશે. તમારામાં એવું કયું માણસ છે કે, જો તેનો દિકરો તેની પાસે રોટલી માંગે તો તે તેને પત્થર આપશે ? અથવા જો માછલું માંગે તો તેને સાપ આપશે ? તે માટે જો તમે ભૂંડા છતાં તમારાં છોકરાંઓને સારાં વાનાં આપી જાણો છો, તો તમારા આકાશમાંના બાપની પાસે જેઓ માંગે છે તેઓને કેટલા વિશેષ કરીને તે સારાં વાના આપશે."*
*માત્થી ૭:૭-૧૧.*

પ્રભુ ઈસુ સતત ''માંગો, શોધો અને ઠોકો'' એ ક્રિયાપદોને તેમના શિષ્યોના જીવનમાં એ સતત રહે માટે પડકારતી આજ્ઞામાં ખતથી ઉતારવા માટે પ્રયાસ કરે છે. શોધવું એ ફરીથી અને આગ્રહથી શોધવું. ઠોકવું એટલે ફરીથી અને આગ્રહથી ઠોકવું છે. પ્રભુ ઈસુ તેમના શિષ્યોને પ્રભુના સ્વભાવરૂપી બનવા માટે કહી રહ્યા છે.

૧. માત્થી ૭:૮ માં પ્રભુ ઈસુ કહે છે કેમ કે જે માગે છે તે...........

૨. ખરું કે ખોટું : આ વચનને તારણની પ્રાર્થના માટે આપવામાં આવ્યું છે.

૩. ખરું કે ખોટું : આ વચન તારણને પામવા માટે આત્મિક શિસ્ત અને પ્રમાણે તથા ઈશ્વર છે. બધી ઉત્તમ ભેટો આપણને આપવા માટે ઇચ્છે છે તે પામવા માટે છે.

**સાચા જવાબ માટે વર્તુળ કરી દર્શાવો.**

૪. કોના માટે આ વચન અભિપ્રાય આપે છે ?

અ. કેવળ પ્રભુ ઈસુના શિષ્યો માટે જ.

બ. તે દિવસે તમને જે લોકો ટોળું વળીને સાંભળતા હતા તેમના માટે જ.

ક. દરેક માટે.

૫. શા માટે તમે એવું વિચારો છો કે ઘણા લોકો આ આમંત્રણને ન સ્વીકારતા દઢ નિશ્ચય સાથે ઈશ્વરપિતા પાસે ઉત્તમ દાનો માંગતા નથી ? (વર્તુળ કરી દર્શાવો.)

અ. તેઓ વિચારે છે કે આ વચન ખૂબજ ઉત્તમ છે તે સત્ય જ રહે છે.

બ. તેઓ એક કે બે વખત માંગ્યા પછી વિશ્વાસ ગુમાવી બેસે છે.

ક. તેઓ તે નથી વિચારતા કે આ વચનને તેઓએ અનુસરવાનું છે.

ડ. તેઓ જાણતા નથી કે આ વચન બાઈબલમાં છે.

ઈ. તેઓ સમજી શકતા નથીકે આ વચનનો શું અર્થ થાય છે.

ઈ. તેઓ ઈશ્વર વ્યક્તિગત રીતે તેમની કાળજી લે છે તેમાં માનતા નથી.



*''માટે જે જે તમે ચાહો છો કે બીજા માણસ તમને કરે, તે તે તમે પણ તેઓને કરો, કેમ કે નિયમશાસ્ત્ર તથા પ્રબોધકોની વાર્તાનો સાર એ જ છે.''* *માત્થી ૭:૧૨*



પ્રભુ ઈસુએ તેમના શિક્ષણનો સાર એ સોનેરી નિયમ જેવો હતો. તેના જેવું અદ્દભુત શિક્ષણ માનવજગતમાં કદી સાંભળવામાં આવ્યું ન હતું. પ્રભુ ઈસુએ જે કહ્યું તે આ હતું : ''આ ટોળામાંથી કોઈને પહાડની તળેટીમાં લઈ આવો. તે માણસની જગ્યા પર તમારી જાતને મૂકો. જ્યારે તમે તે માણસ હતા.''

૧. માત્થી ૭:૧૨ માં પ્રભુ ઈસુ કહે છે કે માટે જે જે તમે ચાહો છો કે....... તે તમે પણ તેઓને કરો.

૨. ખરું કે ખોટું : પ્રભુ ઈસુના કહેવા પ્રમાણે નિયમ આ બધી બાબતમાં શું કહે છે?

૩. ખરું કે ખોટું : આ શિક્ષણ મુકરર માણસને મુક્કરર સમયે સૂચવે છે. તેથી ઘણા માણસોએ આપણી ભલાઈમાંથી સૂચનો પ્રાપ્ત કરવા જોઈએ.

૪. તમે કોને આ માર્ગદર્શન આપશો ? (વર્તુળ કરી દર્શાવો).

| | |
|---|---|
| પતિઓ/પત્નીઓ | બાળકો |
| મિત્રો | સહ-કર્મચારીઓ |
| શિક્ષકો | વિદ્યાર્થીઓ |
| અન્ય જાતિના લોકો | અન્ય ધોરણના લોકો |
| દુશ્મનો | ભાઈઓ અને બહેનો |
| અન્ય ખ્રિસ્તીઓ | જેઓ પ્રભુ ઈસુને ઓળખતા નથી તેવા. |



માત્થી ૭:૧-૧૪ નું ફરીથી વાચન કરો. શું તમે પ્રભુ ઈસુના શિક્ષણને અમલમાં મૂક્યું છે ?

.........................................................

શું પ્રભુને તમે આ માટે સહાય કરે તેવી માંગણી કરશો ?

તમે જે અમલમાં મૂક્યું છે તેને વળગી રહેવા તથા તેમાં વૃદ્ધિ પામવા શું તમે આગળ વધશો ?

.........................................................

.........................................................

.........................................................

.........................................................

## મહાન આમંત્રણ

અમલ કરવા આમંત્રણ બાબતો જણાવવામાં આવી છે. જેનો સોનેરી નિયમ સાથે અંત આવે છે. પ્રભુ ઈસુ હવે પ્રબળ આમંત્રણ આપે છે. પ્રભુ ઈસુ માટે આપણને પડકાર મળી રહ્યો છે કે આપણે તેમના આ જગતમાં સમાધાનરૂપે તથા પ્રત્યુત્તર બનીને પહોંચનારા બનીએ. આ પડકારનો મુખ્ય અંશ આપણને કહે છે કે ‘‘આપણે પ્રશ્નોમાં સહાયરૂપ તેમજ સમાધાનના ભાગીદાર બનવા જઈ રહ્યા છે.’’

*‘‘તમે સાંકડે બારણેથી માંહે પેસો; કેમ કે જે માર્ગ નાશમાં પહોંચાડે છે. તે ચોડો છે, ને તેનું બારણું પહોળું છે, ને ઘણા તેમાં થઈને પેસે છે. કેમ કે જે માર્ગ જીવનમાં પહોંચાડે છે તે સાંકડો છે. ને તેનું બારણું સાંકડું છે. અને જેઓને તે જડે છે તેઓ થોડા જ છે. જે જુઠા ઉપદેશકો ઘેટાંને વેશે તમારી પાસે આવે છે. પણ માંહે ફાડી ખાનાર વરૂના જેવા છે, તેઓ સંબંધી સાવધાન રહો. તેઓના ફળથી તમે તેઓને ઓળખશો. શું લોકો કાંટાના ઝાડ પરથી દ્રાક્ષા અથવા ઉંટકટારી પરથી અંજીર તોડે છે ? તેમજ હરેક સારું ઝાડ સારા ફળ આપે છે. ને ખરાબ ઝાડ નઠારા ફળ આપે છે. સારું ઝાડ નઠારા ફળ આપી શકતું નથી ને ખરાબ ઝાડ સારા ફળ આપી શકતું નથી. હરેક ઝાડ જે સારું ફળ આપી શકતું નથી તે કપાય છે. ને અગ્નિમાં નંખાય છે તે માટે તેઓના ફળથી તમે તેઓને ઓળખશો.*

*‘‘જેઓ મને પ્રભુ પ્રભુ કહે છે તેઓ સર્વ આકાશના રાજ્યમાં પેસશે એમ તો નહિ. પણ જેઓ મારા આકાશમાંના બાપની ઈચ્છા પ્રમાણે કરે છે તેઓ જ પેસશે. તે દહાડે ઘણા મને કહેશે કે, પ્રભુ, પ્રભુ શું અમે તારે નામે પ્રબોધ કર્યા નથી ? અને તારે નામે ભૂતોને કાઢ્યા નથી ? અને તારે નામે ઘણા પરાક્રમી કામો કર્યા નથી ? ત્યારે હું તેઓને સાફ કહીશ કે મેં તમને કદી પણ ઓળખ્યા નથી. ઓ ભૂંડું કરનારાઓ, તમે મારી પાસેથી દૂર જાઓ.’’*

*માત્થી ૭:૧૩-૨૩.*



આ ફકરાનો પહેલો ભાગ એ જણાવે છે કે, ‘‘તમે કયા પ્રકારના શિષ્ય છો ?’’ અહીયાં બે શક્ય જવાબ છે : એક તો ઘણાં બધાં અને બીજો ઘણા ઓછાં. જે ઘણા છે તે ફક્ત મીઠા અને પ્રકાશ સમાન દેખાય છે પણ તેઓ નથી. તેઓ એવું વિચારે છે કે અહીંયા સમાધાનકારી બનવું ખૂબજ સરળ માર્ગ છે. જે થોડાં છે. અન્યના હાથમાં છે તેઓ જાણે છે કે આ માર્ગ સરળ નથી. તેઓ જાણે ખે કે બારણું નાનું છે અને જે માર્ગમાં જવાનું છે તે સાંકડો, મુશ્કેલીભર્યો અને શિસ્તથી ભરેલો છે.

આ ફકરાનો બીજો ભાગ કહે છે કે, ‘‘તમે સાચા શિષ્યો છો અથવા અવિશ્વાસુ છો ? આ બોધમાં પ્રભુ ઈસુ શીખવે છે કે તેમના સાચા શિષ્યો પહેલાં તો અલગ અલગ બાબતો કહેશે જ નહીં. કેવળ ફળ દ્વારા ચોક્કસ સમય ઉપર જ સાચા અને અવિશ્વાસુ શિષ્ય સ્પષ્ટ દેખાઈ આવે છે.’’

આ ફકરાનો ત્રીજો ભાગ જણાવે છે કે, ‘‘તમે એવા શિષ્યો છો જે ફક્ત તે ઈશ્વર પિતાની ઈચ્છા પ્રમાણે જ કહે છે અને કરે છે. ઘણાં બધાં ચમત્કારિક કામો કરવા તે પ્રભુ ઈસુ સાથે સાચા સંબંધ માટેના પુરાવા નથી. તેની જવાબદારી એ છે કે જેઓ પ્રભુ ઈસુના શિષ્યો છે તેઓએ આ શબ્દો પર આધારીત રહેવું.’’ મારાથી અલગ પાડો, ‘‘વ્યગ્રતાના કાર્યકરો’’.

૧. માત્થી ૭:૨૧માં પ્રભુ ઈસુ કહે છે કે ફક્ત આજે જ જેઓ........ તેઓ જ આકાશના રાજ્યમાં પેસશે.

૨. ખરું કે ખોટું : જગતનું મીઠું અને અજવાળું રહેવું સરળ છે.

૩. ખરું કે ખોટું : જેઓ સાચી બાબતો માને છે. સાચી બાબતો કહે છે, અને ઈસુને ‘‘પ્રભુ’’ કહે છે તેઓ સાચા શિષ્યો હોવા છતાં તેઓ જે કહે છે તે કરતા નથી.

**સાચા જવાબ માટે વર્તુળ કરી દર્શાવો.**

૪. માત્થી ૧૩:૨૪-૩૦ વાંચો. આ બોધને ધ્યાનમાં લેતા સાચા વિશ્વાસુ અને અવિશ્વાસુ વચ્ચેનો તફાવત ક્યાં છે ?

અ. તેઓ ક્યાંથી વૃદ્ધિ પામ્યા.

બ. તેઓ જે કહે છે.

ક. તેઓ કેટલો સમય રહે છે.

ડ. તેઓ કેવા બીજમાંથી ઉત્પન્ન થયા.

૫. પ્રભુ ઈસુના જણાવ્યા પ્રમાણે ખોટા પ્રબોધકોને જાણવા માટે ઉત્તમ રસ્તો કયો છે?

અ. તેમના ફળો દ્વારા

બ. તેમના દેખાવ પરથી

ક. તેમના શબ્દો દ્વારા

ડ. સાચા વિશ્વાસીઓથી તેમની જાતોને અલગ રાખે છે તે દ્વારા.

૬. જેઓ તેમને "પ્રભુ" એમ સંબોધીને બોલાવે છે પણ તેઓ તેમનામાં સાચો વિશ્વાસ મૂકતા નથી અને માનતા નથી તઓ વિશે પ્રભુ ઈસુ શું કહે છે ?

અ. "તમે ઉત્તમ કર્યું છે."

બ. "મારાથી અલગ કરાયેલા."

ક. "પ્રયત્નશીલ રહો."

ડ. "મને 'પ્રભુ' કહો છો તે બસ છે."

તમે પ્રભુ ઈસુના સાચા શિષ્યો છો તે કેવી રીતે જાણી શકો ?

..................................................

જો તમે તમારા પ્રભુ ઈસુના સંબંધમાં કોઈ બાબતને દંભીની જેમ કરેલી જાણી છે તો તેને તમારા જીવમાંથી બહાર કરવા શું કરશો ?

..................................................

..................................................

..................................................

## સારાંશ

*એ માટે જે કોઈ મારી આ વાતો સાંભળે છે, ને પાળે છે તેને એક ડાહ્યા માણસની ઉપમાં આપવામાં આવશે કે જેણે પોતાનું ઘર ખડક પર બાંધ્યું, અને વરસાદ વરસ્યો, ને રેલ આવી ને વાવાઝોડાં થયા, ને તે ઘર પર સપાટા લાગ્યા, પણ તેનો પાયો ખડક પર નાંખેલો હતો, માટે તે પડયું નહીં. અને જે કોઈ મારી આ વાતો સાંભળે છે, ને પાળતો નથી, તેને એક મુર્ખ માણસની ઉપમા આપવામાં આવસે કે, જેણે પોતાનું ઘર રેતી પર બાંધ્યું; અને વરસાદ વરસ્યો, ને રેલ આવીને વાવાઝોડાં થયા, ને તે ઘર પર સપાટા લાગ્યા, ને તે પડી ગયું, અને તેનો નાશ મોટો થયો.* *માત્થી ૭:૨૪-૨૭*

પ્રભુ ઈસુ અવ્યવહારું કે નિરાશાત્મક ન હતા. તે વાસ્તવિક હતા. તેમણે શિક્ષણ આપ્યું કે જીવનમાં તોફાનો આવે છે તેનાથી કોઈ બચી જઈ શકતું નથી. જેઓ તેમના શિક્ષણ પ્રમાણે તેમના જીવનનોનું ઘડતર કરે છે તેઓ નવજીવન પામશે અને જેઓ નહીં પાળે તેઓ કંઈ જ પામવાના નથી. તેમનું ઉત્તમ ભાષણ મોટા પડકાર સાથે સમાપ્ત થાય છે. "તમે કયા પ્રકારના શિષ્યો છો ?" તમારા જવાબમાં ચોક્કસ સંકલ્પ કરો છો. જો નહીં તો તમે તોફાનથી બચી જઈ શકશો નહીં.

૧. માત્થી ૭:૨૪ માં પ્રભુ ઈસુએ કહ્યું જે કોઈ તેમના વચન સાંભળે છે....... તે તે માણસના જેવા છે જે ખડક પર ઘર બાંધનાર જેવો છે.

૨. ખરું કે ખોટું : જેઓ પ્રભુ ઈસુને સાંભળે છે અને તેને પાળે છે તેઓને તે પ્રમાણે થસે નહીં.

૩. ખરું કે ખોટું : પ્રભુ ઈસુએ કહ્યું જે કોઈ તેમની આજ્ઞાઓ પાળે છે તેઓને તોફાનમાંથી પસાર થવું પડશે નહીં.

૪. તોફાનો સામે નવજીવન પામવાની ચાવી ............ છે.

અ. પ્રભુ ઈસુમાં વિશ્વાસ કરવો.

બ. ઈસુને 'પ્રભુ' કહેવું.

ક. પ્રભુ ઈસુ જે કંઈ કહે છે તે કરવું.

ડ. પ્રભુ ઈસુના શિક્ષણ દ્વારા અદ્ભુત બદલાવ.

જે કોઈ ભુ ઈસુમાં વિશ્વાસ કરે છે અને તેમની આજ્ઞાઓ પાળે છે તે માટે તમે શું કહેશો ?

.........................................................

તમે એવા કોઈને જાણો છો જે આ પ્રકારની પરિસ્થિતિમાંતી પસાર થતું હોય ?

.........................................................

.........................................................

.........................................................

સારાંશમાં પ્રભુ ઈસુના શિષ્યની જેમ તમે તમારા સમર્પણ લખો.

અ. પ્રભુ ઈસુના સંબંધમાં આવવું.

બ. તમારો સંબંધ પરિવાર, મિત્રો અને અન્ય સાથે.

ક. અન્ય શિષ્યો સાથેનો સંબંધ તેમજ મંડળી.

ડ. તમારા વેરીઓ સાથેનો સંબંધ અને જેઓ હજુ સુધી સુવાર્તા જાણતા નથી તેઓ સાથે.

★